# રાજ્ય પરીક્ષા બોર્ડ,ગુ.રા.,સેકટર-૨૧,ગાંધીનગર

## "પ્રાથમિક અને માધ્યમિક ચિત્રકામ કક્ષા પરીક્ષા-૨૦૨૫ "
## "ELEMENTARY INTERMEDIATE DRAWING GRADE EXAM-2025 "

**જાહેરનામું:-ક્રમાંક:રાપબો/ચિત્રકામ કક્ષા પરીક્ષા/૨૦૨૫/2715-2812** **તારીખ: ૦૭/03/૨૦૨૫**

સરકારશ્રીનાં શિક્ષણ વિભાગ, ગાંધીનગરનાં તા.૧૭/૫/૧૯૯૩ના ઠરાવ ક્રમાંક:ચિકપ/૧૦૯૨/૨૨૬૫/ગ-૧,અન્વયે અને ૩૧/૧૨/૨૦૨૪ ના રોજ ૧૨.૦૦ કલાકે રાજ્ય પરીક્ષા બોર્ડના અધ્યક્ષશ્રીના અધ્યક્ષ પદે પ્રાથમિક અને માધ્યમિક ચિત્રકામ પરીક્ષા સમિતીની બેઠક મળેલ હતી બેઠકમાં કરેલ સુધારા મુજબ રાજ્ય પરીક્ષા બોર્ડ દ્વારા પ્રાથમિક અને માધ્યમિક ચિત્રકામ કક્ષા પરીક્ષા-૨૦૨૫ નો કાર્યક્રમ નીચે મુજબ જાહેર કરવામાં આવે છે.

**આ પરીક્ષા માટેના આવેદનપત્રો www.sebexam.org વેબસાઇટ પર તારીખ: ૧૦/03/૨૦૨૫ થી તા: ૧૭/03/૨૦૨૫ દરમિયાન ઓનલાઇન ભરવાના રહેશે.**

❖ **પરીક્ષાનો કાર્યક્રમ :**

| ક્રમ | વિગત | | તારીખ |
|---|---|---|---|
| ૧ | જાહેરનામુ પ્રસિદ્ધ થયા તારીખ | | ૦૭/03/૨૦૨૫ |
| ૨ | **www.sebexam.org** વેબસાઇટ પર પરીક્ષા માટેનું આવેદનપત્ર અને ફી ઓનલાઇન ભરવાનો સમયગાળો | | ૧૦/03/૨૦૨૫ થી ૧૭/03/૨૦૨૫ |
| 3 | પરીક્ષા તારીખ | પ્રાથામિક ચિત્રકામ કક્ષા પરીક્ષા | સંભવિત એપ્રિલ માસ |
| | | માધ્યમિક ચિત્રકામ કક્ષા પરીક્ષા | સંભવિત એપ્રિલ માસ |

❖ **ઉમેદવારની લાયકાત :-**

- પ્રાથામિક ચિત્રકામ કક્ષા પરીક્ષા:- ૬ થી ૮ ધોરણમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ
- માધ્યમિક ચિત્રકામ કક્ષા પરીક્ષા:- ૯ થી ૧૨ ધોરણમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ
- બહારના ઉમેદવારો એટલે કે (જેઓ ધોરણ ૬ થી ૧૨માં શાળામાં અભ્યાસ કરતા ન હોય) તેવા ઉમેદવારો એ પ્રાથમિક કે માધ્યમિક ચિત્રકામ પરીક્ષા આપવી હોય તેવા ઉમેદવારોએ બહારના ઉમેદવાર (EXTERNAL CANDIDATE)

❖ **પરીક્ષા ફી :-**

- પ્રાથામિક ચિત્રકામ કક્ષા પરીક્ષાની ફી રૂ.૫૦/-(અંકે રૂપિયા પચાસ પુરા)
- માધ્યમિક ચિત્રકામ કક્ષા પરીક્ષાનીફી રૂ.૬૦/-(અંકે રૂપિયા સાઇઠ પુરા)
- સર્વિસચાર્જ અલગથી ચૂકવવાનો રહેશે. કોઇપણ સંજોગોમાં ભરેલ ફી પરત કરવામા આવશે નહિ.

